| | | | | | |
|---|---|---|---|---|---|
| GJPM080017<br>322025 | | અરજી આવ્યા તારીખ | ૨૮–૦૧–૨૦૨૫ | | |
| | | અરજી રજુ થયા તારીખ | ૨૮–૦૧–૨૦૨૫ | | |
| | | અરજી નિકાલ થયા તારીખ | ૨૮–૦૭–૨૦૨૬ | | |
| | सत्यमेव जयते | સમય ગાળો. | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૧ | ૦૬ | ૦૦ |

**ઘોઘંબાના મે.એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં...**

**ક્રિમીનલ પરચુરણ અરજી નં.૨૮/૨૦૨૫**
**આંક–**

| **અરજદાર.** |
|---|
| (૧) પરમાર ઉર્મિલાબેન તે ભલાભાઈ શનાભાઈની દીકરી તે હિતેશભાઈ રમેશભાઈ ની પત્નિ.<br>ઉ.વ.૨૭, ધંધો: ઘરકામ,<br>(૨)સગીર પરમાર મિષ્ટિબેન હિતેશભાઈ,<br>ઉ.વ. ૨ વર્ષ ૮ માસ, ધંધો: કંઈ નહિ.<br>(સગીર ના વાલી તથા ઈષ્ટમિત્ર અરજદાર નં.૧)<br>હાલ રહે. ફરોડ, તા.ઘોઘંબા,જી.પંચમહાલ. |

**–:: વિરૂધ્ધ ::–**

| **સામાવાળાઓ.** |
|---|
| (૧)પરમાર હિતેશભાઈ રમેશભાઈ,<br>ઉ.વ.૨૭, ધંધો: ખેતી–નોકરી. |

(૨)પરમાર રમેશભાઈ ચંદુભાઈ,
ઉ.વ.૫૦, ધંધો: ખેતી.
(૩) પરમાર સુમિત્રાબેન રમેશભાઈ,
ઉ.વ.૪૫, ધંધો: ઘરકામ.
તમામ રહે.મોટા જેપુરા,નિશાળ ફળીયુ, તા.હાલોલ,જી.પંચમહાલ.

**અરજી :–ઘરેલુ હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૨ હેઠળની.**

---

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી જે.એમ.બલોચ.**
**સામાવાળાઓ તર્ફે વિ.વ. શ્રી જે.પી.પરમાર.**

---

**–:: <u>ઠ રા વ</u> ::–**

**૧.** અરજદારની અરજીની ટુંકમા એવી છે કે,અરજદારના લગ્ન સામાવાળા નં.૧ સાથે તા. ૨૬/૦૪/૨૦૨૧ નારોજ હિન્દુ ધાર્મિક વિધિ તથા જ્ઞાતિના સામાજીક રીત રીવાજ થયેલા હતા અને લગ્ન બાદ અરજદાર પોતાની સાસરી મોટા જેપુરા મુકામે ગયેલા હતા અને સામાવાળા નં.૧ સાથે તેઓના ઘરે એક જ કુટુંબમા સહીયારી રીતે રહેતા હતા. અરજદારને લગ્ન સમયે માતા–પિતા તરફથી આપેલ વાસણ–કૂશણ, ઘર વપરાશની તમામ ચીજ વસ્તુઓ, સ્ત્રીધન નો સર સામાન આપેલ જે તમામ સામાવાળાએ પોતાના કબજા–ભોગવટામા રાખેલ છે. અરજદારને સામાવાળા નં.૧ સાથેના લગ્ન જીવનથી સંતાનમા બાળકી નામે મિષ્ટિબેન નો જન્મ થયેલો જેની હાલ ઉંમર ૨ વર્ષ ૮ માસ છે જે આ કામના અરજદાર નં.૨ છે અને હાલ અરજદાર સાથે જ રહે છે. અરજદારે અરજીના મથાળે જણાવ્યા મુજબ સામાવાળા નં.૧ અરજદારના પતિ, સામાવાળા નં.૨ અરજદાર ના સસરા,સામાવાળા નં.૩ સાસુ થાય છે.

લગ્ન બાદ શરુઆથી સામાવાળા નં.૧ અરજદારને સારી રીતે રાખતા ન હતા અને લગ્ન બાદના થોડા સમય પછી સામાવાળા નં.૨,૩ જમવાના બહાને, ઘરના કામકાજના બહાને અવાર–નવાર મહેણા ટોણા મારતા અને સામાવાળા નં.૧ ને ચઢવણી કરતા સામાવાળા નં.૧ અવાર–નવાર અરજદાર સાથે ઝગડો કરી શારીરીક માનસીક ત્રાસ આપવાનુ ચાલુ કરી દીધેલ જે અરજદાર સહન કરતા. આ સમય દરમ્યાન અરજદારે સગીર અરજદાર નં.ર દીકરી મિષ્ટિ ને જન્મ આપેલ દીકરીના જન્મ બાદ સામાવાળાઓનુ અરજદાર પ્રત્યેનુ વલણ બદલાઈ ગયેલુ અરજદાર સુવાવડ માટે પિયર આવેલા તે સમયે પણ સામાવાળાઓ ખબર અંતર પુછવા આવેલા નહિ કે કોઈ દરકાર કરેલી નહિ અરજદાર ને તેડવા માટે પણ માસી સાસુ ને મોકલેલા અને અરજદાર સાસરીમા ગયા બાદ સામાવાળાઓ વધુ હેરાન–પરેશાન કરવા લાગેલા.

અરજદાર સામાવાળા પાસે દીકરી તથા ખર્ચ માટે પૈસાની માં ગણી કરતા ત્યારે ઝગડા કરતા અને કહેતા કે તારી સાથે લગ્ન કરીને પસ્તાઉ છુ તુ મને પ્રથમથી જ પસંદ નથી, તુ તારા બાપના ઘરે જતી રહે અને છુટાછેડાની માંગણી કરતા, સામાવાળા નં.૨,૩ પણ મહેણા–ટોણા મારી ત્રાસ આપવાનુ શરુ કરેલ અને કહેતા કે સામાવાળા નં.૧ ને બીજી પત્નિ લાવવી છે છતા સામાવાળા સુધરી જશે તે આશાએ અરજદાર સામાવાળાનો ત્રાસ સહન કરતા પરંતુ સામાવાળાઓના વર્તનમા કોઈ ફેર પડેલો નહિ અને સામાવાળા નં.૧ અરજદાર ને સખત મારઝુડ કરતા અને સામાવાળા નં.૨,૩ અરજદાર ને મહેણા–ટોણા મારી શારીરીક

માનસીક ત્રાસ આપતા અરજદાર ની કે દીકરી ની કોઈ સાર સંભાળ રાખેલ નથી કે દીકરીના લાલન–પાલન કે કોઈ ખર્ચ પણ કરેલ નથી.

સામાવાળા નં.૧ નાએ નોકરી પરથી સાંના સમયે ઘરે આવી વગર કારણે ઝગડો કરેલ અને સામાવાળા નં.૨,૩ ની ખોટી ચઢવણી થી અરજદાર ને માર મારેલ અને મા–બેન સમાણી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી પહેરલ કપડે ઘરની બહાર કાઢી મુકેલ જેથી અરજદારે પાવાગઢ પોલીસ સ્ટેશનમા ફરીયાદ અરજી આપેલ અને ત્યારથી અરજદાર પિતાના ઘરે રહી ઓશીયાળુ જીવન વીતાવીએ છીએ.

સામાવાળા નં.૧ શરીરે સશકત અને મજબુત બાંધાના છે અરજદાર તથા દીકરી સિવાય અન્ય કોઈના ભરણ પોષણની સામાવાળા ઉપર જવાબદારી નથી. સામાવાળા ને સ્થાવર જંગમ મિલ્કતો આવેલી છે. સામાવાળા નં.૧ હાલોલ મુકામે પ્રાઈવેટ કંપનીમા સુપરવાઈઝર તરીકે નોકરી કરી મહીને રુા. ૨૦,૦૦૦/– કમાય છે તેમજ વડીલોપાર્જીત ૧૦ વીઘા જેટલી ખેતીની જમીન આવેલી છે સામાવાળાઓ ભેગા મળી વર્ષે ત્રણ પાક લઈ ખેતીમાંથી વાર્ષિક રુા. ૫ લાખ જેટલી આવક ધરાવે છે તેમજ પશુપાલન કરી દુધમાંથી મહીને રુા. ૧૦,૦૦૦/– જેટલુ કમાય છે તેમજ પાકુ બે માળનુ મકાન આવેલ છે ધંધા રોજગાર માટે ટુ–વ્હીલર સાધન પણ ધરાવે છે. સામાવાળાઓ ખુબજ સાધન સંપન્ન અને આર્થિક રીતે સધ્ધર છે અને એશો–આરામ વાળુ જીવન વીતાવી રહેલા છે. જયારે અરજદાર ને આવક નુ કોઈ સાધન નથી, કોઈ કમાણી કરતા નથી સામાવાળાઓએ ભેગા મળી કોઈપણ જાતના વાંક ગુના વગર

અરજદાર ને કાઢી મુકેલ હોઈ જેથી અરજદાર પિતાના ઘરે રહી ઓશીયાળુ જીવન વીતાવી રહયા છીએ તેમ જણાવી અરજીના પેરા–૭ થી (એ) સામાવાળાઓ અરજદાર ને માનસીક તેમજ શારીરીક અને આર્થિક રીતે હેરાન પરેશાન કરતા કોઈ જેથી સદર કાયદાની કલમ–૧૮ મુજબ સામાવાળાઓથી રક્ષણ અપાવતો હુકમ કરવા (બી) અરજદાર સામાવાળા નં.૧ ની કાયદેસરની પત્નિ હોઈ સદર કાયદાની કલમ–૧૯ મુજબ સામાવાળા વિરુધ્ધ રહેણાંકનો હુકમ કરવા (સી) વિકલ્પે અરજદારને સામાવાળાઓ તેઓના મોટાજેપુરા મુકામેના ઘરે રહેવા ના દે તો સામાવાળાઓ અરજદાર ને માસિક રુા. ૫૦૦૦/– નુ ઘરભાડુ ચુકવી આપે તેવો હુકમ કરવા (ડી) સદર કાયદાની કલમ–૨૦ હેઠળ  અરજદાર ને માસિક રુા. ૧૦,૦૦૦/– તથા સગીર અરજદાર ને માસિક રુા. ૫૦૦૦/– એમ બંને અરજદારોના મળી માસિક રુા. ૧૫૦૦૦/– ભરણ પોષણ પેટે સામાવાળાઓ અરજીની તારીખથી અરજદારને ચુકવી આપે તેવો હુકમ કરવા (ઈ) આ અરજીનો તમામ ખર્ચ સામાવાળા પાસેથી અપાવવા (એફ) અરજદારને જરુર પડે તે રીતે રક્ષણ અધિકારી તરીકે જેની નિમણૂંક કરવામા આવી હોય તે રક્ષણ અધિકારીનુ સરનામુ અરજદારને પુરુ પાડે અને હુકમ સમયે અરજદારની રજુઆત સાંભળી જેનો અમલ કરાવે તેવો હુકમ કરવા (જી) આ સાથે લીસ્ટથી રજુ કરેલ ઘર વખરન તેમજ સોના–ચાંદીના દાગીના જે સામાવાળાના કબજામા છે તે અરજદાર ને પરત સોંપે તેવો હુકમ કરવા (એચ) ન્યાયની અન્ય બીજી દાદ અપાવવા અરજ ગુજારી છે.

અરજદારે અરજી સાથે મિલ્કત અને જવાબદારી અંગે નુ

સોગંદનામુ  રજુ કરેલ છે જે ધ્યાને લીધુ તેમજ અરજી અન્વયે રજુ થયેલ ડીસ્ટ્રીકટ પ્રોટેકશન ઓફીસરનો રીપોર્ટ વંચાણે લીધો.

૨. અરજદારની ઉપરોકત અરજી રજુ થતા અરજી અન્વયે હુકમ કરી સામાવાળા ને નોટિસ ઈસ્યુ કરતા સામાવાળાને નોટિસની બજવણી થયેલી છે તે અન્વયે સામાવાળાઓ તેમના વિ.વ.શ્રી જે.પી.પરમાર મારફતે હાજર થયેલા છે.સામાવાળાઓએ અરજદારની અરજી સબંધેનો પોતાનો લેખીત જવાબ આંક–૭ થી રજુ કરેલો છે. જવાબની ટુંકમા હકીકત જોતા  અરજી તદ્દન ખોટી અને ઉપજાવી કાઢેલી, શુધ્ધ બુધ્ધિ વગરની, નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવા પુરતી હકીકતો જણાવી કરેલ હોવાનુ જણાવી જવાબથી સ્પષ્ટ પણે કબુલ કર્યા સિવાયની હકીકતોનો ઈન્કાર કરેલો છે.

જયારે જવાબના પેરા–૪પથી અરજીના પેરા–૧ ની લગ્નની હકીકત  તેમજ પુત્રીના જન્મની હકીકત બાબતે કોઈ તકરાર નહિ હોવાનુ જણાવી અરજદારની સ્ત્રીધનની વસ્તુઓ સામાવાળાઓ પાસે હોવાની હકીકતનો ઈન્કાર કરેલો છે.

જવાબના પેરા–૬ થી ૮ માં અરજીના પેરા–૨ થી ૬ ની હકીકતો ડીનાયલ સ્વરુપે જણાવી તેનો ઈન્કાર કરેલો છે તેમજ જવાબના પેરા–૮  પછીના સબ પેરાથી ઉપરોકત તકરારોને બાધ આવ્યા સિવાય જણાવેલ છે કે,  અરજદારે ફકત સામાવાળાને હેરાન કરવા હાલની અરજી કરેલ છે અને અરજદારનો ઈરાદો સામાવાળાને હેરાન કરી નાણાં પડાવવાનો તેમજ છુટાછેડા મેળવવાનો સ્પષ્ટ દેખાતો હોવાનુ જણાવેલ છે.

વધુમા જણાવેલ છે કે, અરજદારણ ખુબજ સ્વચ્છંદી વૃત્તિના

અને બાળકોના ભવિષ્યનો વિચાર કર્યા સિવાય નિર્ણય લેનારા ફકત ને ફકત પિયર પ્રમી વૃત્તિના છે અને તેના ભાગરૂપે જ લગ્ન બાદથી સામાવાળા તથા સામાવાળાના ઘરના સભયો સાથે અરજદાર ઝગડો તકરાર કરતા આવેલા છે  અરજદાર લગ્ન બાદ થી જ વધારે સમય પીયરમા રહેલ છે અને હાલ પણ અરજદાર તેમની સ્વેચ્છાએ પિયરમા રહી દીકરીના ભવિષ્ય સાથે ચેડા કરી રહયા છે. અરજદાર લગ્ન કરી આવ્યા બાદ થોડો સમય સામાવાળાના ઘરે અને વધુ સમય તેમના પિયરમા રહેતા અને જેટલો  સમય સામાવાળા સાથે રહેલા તે સમય દરમ્યાન પણ ઝગડા કરતા ઘરનુ કોઈ કામકાજ કરતા નહિ અને ઘરના કામકાજ બાબતે પણ સામાવાળા સાથે ઝગડા કરી પીયર ચાલ્યા જતા અરજદાર નો ભાઈ પણ સામાવાળાને જણાવતો કે તમારા ઘરમા વધારે કામ હોય તો નોકરાણી રાખી લો. અરજદાર ને સંયુકત કુટુંબમા રહેવુ ન હોઈ  સામાવાળાને પરીવારથી અલગ રહેવા જીદ કરી અવાર–નવાર ઝગડા કરતા અને પીયર ચાલ્યા જતા સામાવાળા ત્રણ વાર સમાધાન કરી પંચ ધ્વારા અરજદાર ને પોતાના ઘરે તેડી લાવેલા છેલ્લે આઠમાસ અગાઉ તેડી લાવ્યા બાદ અરજદાર બે દિવસ રહેલ અને ત્રીજા દિવસે ફરીથી સામાવાળા સાથે ઝગડો કરેલ અને રાત્રીના સમયે એકલા સામાવાળાના ઘરનો ત્યાગ કરી તેઓના ભાઈને બોલાવી તેઓનો તમામ સર–સામાન તથા સ્ત્રીધન ની રકમો લઈ તેઓના પીયર ચાલ્યા ગયેલા અને અરજદાર સામાવાળા નં.૧ ને અલગ રહેવા માટે વારંવાર દબાણમા લાવવા માટે સામાવાળા ઉપર વ્યસન કરતા હોવાનો  ખોટો આક્ષેપ કરી સમાજમા બદનામી રહે છે.

અરજદારે વીના કારણ સામાવાળાનો ત્યાગ કરેલ છે  અને સામાવાળાના ઘરે પરત આવેલા નથી અરજદારનો ભાઈ જણાવે છે કે, હિતેશ ને જરુર હોય તો તેડી જશે.  સામાવાળા નુ કથન છે કે, અરજદાર  સામાવાળા નં.૧ ની પત્નિ તરીકેની તથા સામાવાળા નં.૨,૩ ની પુત્રવધૂ તરીકેની ફરજ બજાવવામા ઉણા ઉતર્યા જ નથી પણ સદંતર નિષ્ફળ નિવડેલ છે. સામાવાળાના કુટુંબના માણસો પણ અરજદાર સાથે સારો વર્તાવ કરે છે.

સામાવાળા ગરીબ અને મજુર વર્ગના છીએ  સામાવાળા નં.૧ ના નામે કોઈ સ્થાવર જંગમ મિલ્કત કે મકાન આવેલ નથી. સામાવાળા નં.૧ ના પિતાના નામે મકાન હોય અને તે મકાન સામાવાળા નં.૧ તથા પોતાના પિતા સામાવાળા નં.ર નાએ સંયુકત રીતે લોન મેળવી બનાવેલ છે તેનો માસિક હપ્તો રુા. ૯૭૦૦/– પણ સામાવાળા નં.૧ ભરીએ છીએ. સામાવાળાનો ભાઈ કોન્ટ્રાકટમા નોકરી કરે છે અને ઘર ખર્ચમા મદદ કરે છે, સામાવાળા નં.૧ માતા–પિતા સાથે સંયુકત પરીવારમા રહે છે માતા–પિતા વૃધ્ધ ઉમરના છે, અવાર–નવાર નાની–મોટી બીમારી રહયા કરે છે તેઓની તમામ જવાબદારી સામાવાળાના શીરે છે  અરજદાર ને સામાવાળાઓ સાથે સંયુકત પરીવારમા ગીરીબી વાળી જીંદગી જીવવી  પસંદ નથી. અરજદાર ધોરણ–૧૦ મણેલા હોઈ તેઓના પિતા–ભાઈ જે શાકભાજીની લારી કરે છે તેમા મદદ કરી પોતાના પિયરમા રહી મોજશોખવાળુ જીવન જીવવા ટેવાયેલા છે જેથી અરજદાર સામાવાળા સાથે રહેવા માંગતા નથી તેમ વિગતવાર જણાવી અરજદાર  માંગે છે તેવી દાદ મેળવવા હકકદાર ન

હોઈ અરજદાર ની અરજી ખર્ચ સહીત નામંજુર કરવા જવાબથી રજુઆત કરેલી છે.

**૩.** સદર કામે પક્ષકારો તર્ફે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**અરજદાર તર્ફે :–**

| | |
|---|---|
| આંક–૯ | અરજદાર ઉર્મિલાબેન નુ સરતપાસનુ સોગંદનામું. |
| આંક–૧૦ | કલોઝીંગ પુરશીસ. |
| નિ–૩/૧ | અરજદાર–સામાવાળાના લગ્નની કંકોત્રી અસલ. |
| નિ–૩/૩ | સામાવાળાઓ વિરુધ્ધ પાવાગઢ પોલીસ સ્ટેશને આપેલ ફરીયાદ અરજીની નકલ. |

**સામાવાળા તર્ફે :–**

| | |
|---|---|
| આંક–૧૨ | સામાવાળા હિતેશભાઈ નુ સરતપાસનુ સોગંદનામુ. |
| આંક–૧૩ | મિલ્કત અને જવાબદારી અંગેનુ સોગંદનામુ. |
| આંક–૨૦ | કલોઝીંગ પુરશીસ. |

**૪.** ત્યાર બાદ સદર કામે અરજદાર તથા સામાવાળાના વિ.વ.શ્રીઓ ધ્વારા કરવામાં આવેલી દલીલો સાંભળવામા આવી.

**૫.** ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં, મારી સમક્ષ આ કેસનાં નિર્ણય સારૂં નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>–: મુ દ્દા :–</u>**

૧. શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ ડી.વી.ઍકટની કલમ–૩ હેઠળ સામાવાળા દ્વારા ઘરેલુ હિંસાનો ભોગ બનેલાં છે ?

૨. શું અરજદાર તેમની અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

૩. શું હુકમ?

ઉપરોકત મુદ્દા અંગેનાં મારાં નિર્ણયો અને કારણો નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. અંશત: હકારમાં.

૩. આખરી હુકમ મુજબ.

**-: કા ર ણો :-**

**<u>મુદ્દા નં. ૧ થી ૨ :-</u>**

આ કામે મુદ્દા નં. ૧ થી ૨ એક સાથે સંલગ્ન હોઈ, હકીકતોનુ પુનરાવર્તન ટાળવા તમામ મુદાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલી છે.

**૬.** આ કામે અરજદારે પોતાની આંક-૧ ની અરજીના સમર્થનમાં આંક -૯ થી સોગંદ ઉપર સરતપાસ રજુ કરેલી છે અને સરતપાસમા પોતાની આંક-૧ ની અરજીની તમામ હકીકતો દોહરાવેલ છે. સામાવાળાઓ ધ્વારા અરજદાર સાથે ઘરેલુ હિંસા આચરવામાં આવેલી તે હકીકત ને સરતપાસમાં સમર્થન આપેલ છે. અરજદાર ની સામાવાળા તર્ફે ઉલટ તપાસ કરવામાં આવેલી છે ઉલટ તપાસમાં પણ અરજદાર તેવી હકીકતને વળગી રહેલા છે. અને અરજદારની સામાવાળા ધ્વારા કરવામાં આવેલી ઉલટ તપાસમાં પણ અરજદારે અરજીથી વિરુધ્ધની કોઈ હકીકત સ્વીકારેલી નથી. અરજદારે ઉલટ તપાસમા સામાવાળાની આવક-મિલ્કત અંગે ના કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો નહિ હોવાનુ સ્પષ્ટ સ્વીકારેલ છે. પરંતુ અરજદારે લીસ્ટ થી રજુ કરેલી પાવાગઢ પોલીસ સ્ટેશનમા આપેલ અરજીની નકલો જોતા પણ તેમા

અરજદારે જે હકીકત પોતાની અરજીમા જણાવેલી છે તેવી જ હકીકતો પોતાની સદર ફરીયાદમા પણ જણાવેલી છે તે સંજોગોમા પણ અરજદાર ને રજુઆત કરી રહયા છે તેમા સત્યતા હોવાનુ જણાય છે. વધુમા સામાવાળા ધ્વારા અરજદાર ની ઉલટ તપાસમા અરજી થી વિરુધ્ધ ની કોઈ હકીકત રેકર્ડ ઉપર નીકળી આવેલી નથી. વધુમા સામાવાળા ધ્વારા અરજદાર ને કોર્ટ તરફથી ઉલટ તપાસ દરમ્યાન સવાલ કરવામા આવેલ છે કે સામાવાળા તમને સંયુકત કુટું બમા રહેવા તમોને લઈ જાય તો તમે જવા માંગો છો ? તેના જવાબમા અરજદારે : અમો જવા માટે તૈયાર છીએ. તેવો જવાબ આપેલો છે તે સંજોગોમા પણ અરજદાર ને સામાવાળાથી ચેનકેન પ્રકારે શારીરીક માનસીક ત્રાસ હોવાનુ અરજદારના સદર પુરાવામાંથી મળી આવે છે ત્યારે પણ અરજદાર ને સામાવાળાથી ચેનકેન પ્રકારે શારીરીક માનસીક ત્રાસ હોવાનુ માનવા ને સ્પષ્ટ કારણ મળી રહે છે.

સામાવાળાએ આંક–૧૨ થી સરતપાસ ધ્વારા જવાબ ની હકીકતોને સમર્થન આપેલ છે તેમજ સામાવાળાએ અરજદાર સાથે સમાજના રીત રીવાજ મુજબ થયેલા હોવાની અને અરજદાર કાયદેસરના પત્નિ થતા હોવાની, તેમજ પોતાને સંતાનમા દીકરી હોવાની અને હાલ અરજદાર દીકરી સાથે પીયરમા રહેતા હોવાની હકીકત સ્વીકારી છે પરંતુ સામાવાળાએ પોતાની આવક સબંધી કોઈ હકીકત જાહેર કરેલી નથી અને છુપાવવાનો પ્રયત્ન કરેલ હોય તેવુ સરતપાસ તથા ઉલટ તપાસની હકીકતથી સ્પષ્ટ જણાઈ આવે છે. વધુમાં સામાવાળાની અરજદાર ધ્વારા કરવામા આવેલી ઉલટ તપાસ જોતા સામાવાળાએ '' હું બાર ધોરણ ભણેલો છુ.

એ વાત ખરી છે કે, હું હાલમા પ્રાઈવેટ કંપની બાલાજી એન્ટર પ્રાઈઝ માં નોકરી કરુ છુ. આ કંપની હાલોલ જી.આઈ.ડી.સી. ખાતે આવેલી છે. આ કંપનીમા હું છેલ્લા પાંચ વર્ષથી નોકરી કરુ છુ. એ વાત ખરી નથી કે મારો માસિક પગાર રુપીયા વીસ થી પચીસ હજાર પગાર હશે. મારો પગાર રુા. ૧૪૦૦૦/– છે હું આ કામમા કંપની મને જે રુા. ૧૪૦૦૦/– આપે છે તે અંગેની સ્લીપ રજુ કરવા ખુશી છુ. આ પગાર મને રોકડમા આપવામા આવે છે. મને પગાર જે રોકડમા આપે છે તે અંગેનો પુરાવો રજુ કરવા તૈયાર છુ. એ વાત ખરી છે કે, કંપનીમા હું ટીવ્હીલર લઈને જાઉ છુ. એ વાત ખરી નથી કે મારી પાસે ફોર વ્હીલ ગાડી પણ છે. એ વાત ખરી છે કે, મારે જે પુરા ગામમા ખેતીની જમીન આવેલી છે. એ વાત ખરી નથી કે ખેતીની જમીનમા અમો ત્રણ પાક લઈએ છીએ. મારી ખેતીની જમીન અંગેના ૭/૧૨, ૮(અ) ના નમુના રજુ કરવા તૈયાર છુ. એ વાત ખરી છે કે, મારા ગામમા મારુ પાકુ મકાન પણ આવેલુ છે.

એ વાત ખરી છે કે મે રજુ કરેલ સોગંદનામામા મે જણાવેલ છે કે, મે હોમલોન લીધેલી છે અને તે અંગે નુ સ્ટેટમેન્ટ રજુ કરવા તૈયાર છુ. મારુ બેન્ક ઓફ બરોડામા એકાઉન્ટ છે અને તે અં ગે નુ સ્ટેટમેન્ટ રજુ કરવા તૈયાર છુ. હું ઈન્કમટેક્ષ રીટર્ન ભરુ છુ. હું છેલ્લા ત્રણ વર્ષથી રીટર્ન ભરુ છુ અને તે રજુ કરવા તૈયાર છુ.

મારા પિતા કાંઈ કામ ધંધો કરતા નથી.

હું અરજદાર ને લઈ જવા માટે તૈયાર નથી. મે અરજી કરેલ ત્યારથી આજદિન સુધી મારી પત્નિ કે બાળક માટે કોઈ ભરણ પોષણ ની રકમ ચુકવેલ નથી. એ વાત ખરી નથી કે અરજદાર

ને મે કાઢી મુકેલા. હું અરજદાર મારી શરતોને આધીન મારી સાથે આવે તો પણ લઈ જવા તૈયાર નથી. મારે કોઈપણ હીસાબે છુટાછેડા જોઈએ છે. એ વાત ખરી છે કે, મે છુટાછેડા મેળવવા હાલોલ કોર્ટમા અરજી કરેલ છે.

પાવાગઢ પોલીસ સ્ટેશનમા મારા પત્નિએ અરજી આપેલી. એ વાત ખરી નથી કે અરજદાર અને બાળકી સિવાય અન્ય કોઈ ઈસમની ભરણ પોષણ ની મારી કોઈ જવાબદારી નથી. હું આવતી મુદતે બધા દસ્તાવેજો રજુ કરીશ. '' તેવી હકીકત સ્વીકારી છે.

પરંતુ સામાવાળા ધ્વારા તેવા કોઈ દસ્તાવેજો સદર કામે રજુ કરેલા નથી તે સામાવાળાના વર્તન ની નોંધ લેવી જરુરી જણાય છે.

**૭.** આ કામે અરજદાર ની અરજી તથા અરજદાર ની સોગંદ ઉપર ની જુબાની ની સમગ્ર હકીકત ધ્યાને લેતા, એ હકીકત નિર્વિવાદ છે કે, સામાવાળા અરજદારના કાયદેસરના પતિ અને અરજદાર સામાવાળા ની કાયદેસરની પત્નિ છે તેમજ સામાવાળા સગીર અરજદાર નં.૨ દીકરી મિષ્ટિના પિતા છે. વધુમાં સામાવાળાએ અરજદાર પોતાની પત્નિએ સામાવાળાઓના ત્રાસ સબંધી પાવાગઢ પોલીસ સ્ટેશનમા અરજી આપેલ તે હકીકત પણ સ્વીકારી છે. કોર્ટ તરફથી કરવામા આવેલ સવાલમા પણ અરજદારે સામાવાળાના ઘરે જવાની તૈયારી બતાવેલી છે પરં તુ સામાવાળા ધ્વારા અરજીના ચાલતા કામ દરમ્યાન તેવો કોઈ પ્ર યત્ન કરેલ હોવાનુ મળી આવતુ નથી ઉલટ સામાવાળાએ પોતાની ઉલટ તપાસથી જ **હું અરજદાર ને લઈ જવા માટે તૈયાર નથી. મે અરજી કરેલ ત્યારથી આજદિન સુધી મારી પત્નિ કે બાળક**

**માટે ભરણ પોષણ ની કોઈ રકમ ચુકવેલ નથી. હું અરજદાર મારી શરતોને આધીન મારી સાથે આવે તો પણ લઈ જવા તૈયાર નથી. મારે કોઈપણ હીસાબે છુટાછેડા જોઈએ છે. એ વાત ખરી છે કે, મે છુટાછેડા મેળવવા હાલોલ કોર્ટમા અરજી કરેલ છે** તેવી હકીકતો સ્પષ્ટ સ્વીકારી છે. અને તે તમામ સંજોગો તથા સામાવાળાની સ્વીકાર્ય હકીકતો જોતા પણ અરજદાર ધ્વારા અરજીમા જે આક્ષેપો કરેલા છે તે અનુસાર સામાવાળા તરફથી અરજદાર ને યેનકેન પ્રકારે ત્રાસ હોવાનુ મળી આવે છે તેમજ પક્ષકારો નો લગ્ન જીવન નો ગાળો ધ્યાને લેતા તેમજ દીકરી સંતાનની હકીકતો ધ્યાને લેતા પણ અરજદાર કોઈ નજીવા કારણસર સામાવાળાનો વીના કારણ ત્યાગ કરે તે હકીકત માની લઈ શકાય નહિ અને તે સંજોગોમા સામાવાળાઓનુ આવુ વર્તન ધ્યાને લેતા અરજદાર સામે સામાવાળાઓ ધ્વારા ઘરેલુ હિંસા આચરવામાં આવેલી હોવાનુ અત્રેની કોર્ટ નુ નમ્ર માનવુ છે જેથી મુદ્દા નં.૧ નો જવાબ '' હકાર'' માં આપુ છુ.

૮. આ કામે અરજદાર માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે કે કેમ ? તે અંગે જોવામાં આવે તો અરજદારે નીચે મુજબની દાદ પોતાની અરજીમાં માંગેલ છે.

(૧) **કલમ ૧૮ હેઠળ રક્ષણનો હુકમ :** આ કામે અરજદાર સાથે ઘરેલુ હિંસા આચરવામાં આવેલ હોવાનુ સાબીત થતુ હોઈ આ કલમ હેઠળની દાદ આપવી ન્યાયોચિત જણાય છે જે વિગતવારનો હુકમ અન્ય દાદ સાથે પસાર કરવામાં આવેલ છે.

(૨) **કલમ ૧૯ હેઠળ રહેઠાણનો હુકમ :** આ કામના અરજદાર ધ્વારા સામાવાળા અરજદારને રહેવા માટે રહેઠાણ ની વ્યવસ્થા કરી

આપે તે માટે અને વિકલ્પે સામાવાળા અરજદાર ને તેમના મોટા જેપુરા મુકામેના ઘરે રહેવા ના દે તો સામાવાળા અરજદાર ને માસિક રૂા. ૫૦૦૦/– ઘરભાડુ ચુકવી આપે તેવો હુકમ કરવા દાદ માંગેલી છે. સામાવાળાએ અરજદાર ને તેડી જવા પણ કોઈ પ્રયત્ન કરેલ નથી, તેમજ સામાવાળાના પુરાવાની હકીકત જોતા પણ અરજદાર સગીર દીકરી સાથે પીતાના ઘરે રહેતા હોવાનુ સ્વીકારેલ છે તેમજ પોતે કોઈ ભરણ પોષણ ચુકવેલ નથી તેમજ રેકર્ડ જોતા સામાવાળા ધ્વારા અરજદાર ને તેડી જવા કોઈ પ્રયત્ન કરેલ નથી ઉલટ સામાવાળાએ ઉલટ તપાસથી **હું અરજદાર ને લઈ જવા માટે તૈયાર નથી. મે અરજી કરેલ ત્યારથી આજદિન સુધી મારી પત્નિ કે બાળક માટે ભરણ પોષણ ની કોઈ રકમ ચુકવેલ નથી. હું અરજદાર મારી શરતોને આધીન મારી સાથે આવે તો પણ લઈ જવા તૈયાર નથી. મારે કોઈપણ હીસાબે છુટાછેડા જોઈએ છે. એ વાત ખરી છે કે, મે છુટાછેડા મેળવવા હાલોલ કોર્ટમા અરજી કરેલ છે** ત્યારે સદર સંજોગોમાં પણ અરજદાર હાલ પીતાના ઘરે સગીર દીકરી સાથે રહી ઓશીયાળુ જીવન જીવતા હોય ત્યારે આ કામે અરજદારને અલાયદા રહેઠાણની વ્યવસ્થા કરી આપવાનો હુકમ કરવો ન્યાયોચીત જણાય છે. આ કામે સામાવાળાએ પોતાની પાસે પાકુ મકાન હોવાનુ ઉલટ તપાસથી સ્વીકાર કરેલ છે પરંતુ મકાન કેવડુ છે, તેમા અરજદાર માટે અલાયદા રહેઠાણની વ્યવસ્થા થઈ શકે તેમ છે કે કેમ તેવો કોઈ પુરાવો અરજદાર રેકર્ડ પર લાવી શકેલ નથી જેથી આ કામે અરજદારને વૈકલ્પીક વ્યવસ્થા પેટે ભાડાની રકમ ચુકવી આપવી ન્યાયોચીત જણાય છે ત્યારે અરજદારના રહેણાંકના વિસ્તારની લોકાલીટી જોતા

ગ્રામ્ય વિસ્તાર હોઈ જેથી આ કામે સામાવાળા એ અરજદારને રહેઠાણના ઘરભાડા પેટે માસીક રૂ.૧૫૦૦/– ચુકવી આપવાનો હુકમ કરવામા આવે છે.

આ કામના અરજદારે પોતાના સ્ત્રીધન તથા કરીયાવર અંગેની ચીજવસ્તુઓ સામાવાળા પાસે છે તે તમામ પરત અપાવવા દાદ માંગી છે પરંતુ અરજદાર તર્ફે પોતાની સ્ત્રીધન ની કઈ કઈ ચીજ વસ્તુઓ સામાવાળાના કબજામાં છે તે હકીકત દર્શાવતુ કોઈ લીસ્ટ રજૂ કરેલ નથી અને લેવડ દેવડ નુ કોઈ લખાણ થયેલ નહી હોવાનુ ઉલટ તપાસથી સ્વીકારેલ છે તેમજ ઉલટ તપાસથી સ્વીકારેલી હકીકતો મુજબ પણ સ્ત્રીધન પૈકીની કેટલીક વસ્તુઓ અરજદારની પાસે છે ત્યારે અરજદારના સદર પુરાવાથી સામાવાળા પાસે ચોકકસ અરજદારના સ્ત્રીધન પૈકી ની કઈ કઈ ચીજ વસ્તુઓ રહેલી છે તે સ્પષ્ટ થઈ શકતુ ન હોઈ તે અંગેની દાદ મંજુર કરવી ન્યાયોચિત જણાતુ નથી.

(૩) **કલમ ૨૦ હેઠળ નાંણાકીય સહાયનો હુકમ :** આ કામના અરજદાર ધ્વારા સામાવાળા પાસેથી પોતાના તથા સગીર દીકરીના ભરણ પોષણ માટે માંગણી કરેલી છે તે જોતા અરજદારે પોતાના માટે માસિક રુા. ૧૦,૦૦૦ હજાર તથા સગીર દીકરી માટે માસિક રુા. ૫૦૦૦/–ભરણ પોષણ માટે ની માંગણી કરેલી છે. પરંતુ આ કામના અરજદાર ધ્વારા સામાવાળા પાસેથી પોતાના માટે ફેમીલી કોર્ટમાં કે અન્ય કોઈ કોર્ટમા ક્રિ.પ્રો.કોડ ની કલમ–૧૨૫ અન્વયે ની ભરણ પોષણ માટે ની અરજી અલગ થી દાખલ કરેલી છે કે કેમ ? તેમજ તેવી અરજી મંજુર થયેલી છે કે કેમ ? અરજદારને સામાવાળા

કોઈ ભરણ પોષણ ચુકવી આપે છે કે કેમ ? તેવી હકીકત રેકર્ડ ઉપર રજુ થયેલી નથી. જો અરજદાર ને તેવી ક્રિ.પ્રો.કોડ ની કલમ–૧૨૫ અન્વયે કોઈ ભરણ પોષણ ની રકમ મળતી હોય તો પણ અરજદાર હાલની અરજીના કામે તેવી દાદ માંગવા હકકદાર છે તેમજ કોર્ટ પણ કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતા અરજદાર ને તેવી અગાઉ કોઈ ભરણ પોષણની રકમનો હુકમ થયો હોવા છતા ડી.વી.એકટની ક.૨૦ હેઠળ વધારાની રકમ મંજુર કરવાની કોર્ટને સત્તા રહેલ છે.

આ કામે અરજદારે પોતાની અરજીમા તથા સોગંદપરની જુબાનીમા સામાવાળા હાલોલ મુકામે પ્રાઈવેટ કંપનીમા નોકરી કરી માસિક રુા. ૨૦,૦૦૦/– પગાર મેળવતા હોવાની વડીલોપાર્જીત ૧૦ વીઘા ખેતીની જમીન આવેલી હોવાની ખેતીમાંથી વર્ષે પાંચ લાખનુ ઉત્પાદન મેળવતા હોવાની પશુપાલનમાંથી મહીને ૧૦,૦૦૦/– દુધની આવક મેળવતા હોવાની હકીકત જણાવી છે પરંતુ તેવી સામાવાળા ની આવક અંગે અરજદારે પણ કોઈ સચોટ પુરાવો રજુ કરેલ નથી.

પરંતુ સામાવાળાએ પોતાની અરજદાર તર્ફે થયેલી ઉલટ તપાસમા **હું બાર ધોરણ ભણેલો છુ. એ વાત ખરી છે કે, હું હાલમા પ્રાઈવેટ કંપની બાલાજી એન્ટર પ્રાઈઝ માં નોકરી કરુ છુ. આ કંપની હાલોલ જી.આઈ.ડી.સી. ખાતે આવેલી છે. આ કંપનીમા હું છેલ્લા પાંચ વર્ષથી નોકરી કરુ છુ. એ વાત ખરી નથી કે મારો માસિક પગાર રુપીયા વીસ થી પચીસ હજાર પગાર હશે. મારો પગાર રુા. ૧૪૦૦૦ /– છે હું આ કામમા કંપની મને જે રુા.૧૪૦૦૦ /– આપે છે તે**

**અંગેની સ્લીપ રજુ કરવા ખુશી છુ. આ પગાર મને રોકડમા આપવામા આવે છે. મને પગાર જે રોકડમા આપે છે તે અંગેનો પુરાવો રજુ કરવા તૈયાર છુ. એ વાત ખરી છે કે, કંપનીમા હું ટીવ્હીલર લઈને જાઉ છુ. એ વાત ખરી નથી કે મારી પાસે ફોર વ્હીલ ગાડી પણ છે. એ વાત ખરી છે કે, મારે જે પુરા ગામમા ખેતીની જમીન આવેલી છે. એ વાત ખરી નથી કે ખેતીની જમીનમા અમો ત્રણ પાક લઈએ છીએ. મારી ખેતીની જમીન અંગેના ૭/૧૨, ૮(અ) ના નમુના રજુ કરવા તૈયાર છુ. એ વાત ખરી છે કે, મારા ગામમા મારુ પાકુ મકાન પણ આવેલુ છે.**

**એ વાત ખરી છે કે મે રજુ કરેલ સોગંદનામામા મે જણાવેલ છે કે, મે હોમલોન લીધેલી છે અને તે અંગે નુ સ્ટેટમેન્ટ રજુ કરવા તૈયાર છુ. મારુ બેન્ક ઓફ બરોડામા એકાઉન્ટ છે અને તે અંગે નુ સ્ટેટમેન્ટ રજુ કરવા તૈયાર છુ. હું ઈન્કમટેક્ષ રીટર્ન ભરુ છુ. હું છેલ્લા ત્રણ વર્ષથી રીટર્ન ભરુ છુ અને તે રજુ કરવા તૈયાર છુ** તેવી હકીકતો સ્પષ્ટ સ્વીકારી અરજદાર ની અરજીની હકીકતો ને સમર્થન આપેલ છે. જો કે, સામાવાળાએ પોતે ૧૪૦૦૦ પગાર મળતો હોવાનુ જણાવેલ છે તે વાત સામાવાળા ખોટી જણાવી રહયા હોવાનુ માનવા ને સ્પષ્ટ કારણ  છે કારણ કે, સામાવાળાએ અરજદાર ની અરજીનો જે જવાબ રજુ કરેલ છે તે જવાબમા પોતે અને પોતાના પિતાએ હોમ લોન લીધેલી છે અને તેનો હપ્તો માસિક રુા. ૯૭૦૦/- સામાવાળા ભરતા હોવાનુ સ્પષ્ટ જણાવેલ છે ત્યારે પણ સામાવાળા સારુ કમાતા હોવા છતા પોતાની સાચી આવક છુપાવી રહયા હોવાનુ સ્પષ્ટ થાય છે ઘડીભર માની લઈએ કે, સામાવાળા માસિક રુા. ૧૪૦૦૦/- કમાય

છે તો પણ સામાવાળાના સ્વીકાર્યા મુજબ પોતાને ખેતીની જમીન આવેલી હોવાનુ પણ સ્પષ્ટ છે ત્યારે પણ સામાવાળા તેમાંથી આવક ધરાવતા હોવાનુ માની શકાય તેમ છે. વધુમા અરજદાર સગીર દીકરી સાથે પોતાના માવતરે રહે છે તે હકીકત તેમજ અરજદાર ને કોઈ આવક નુ સાધન નથી અને સામાવાળાએ અરજદારોના ભરણ પોષણ ની કોઈ વ્યવસ્થા કરેલી નથી તે હકીકત સ્પષ્ટ છે તે સંજોગોમા અરજદાર ઉપર પોતાના તથા સગીર દીકરી મિષ્ટિ કે જે હાલ બે વર્ષ ૮ માસની છે તેના લાલન–પાલન ઉછેર, દવા–સારવાર, રમત–ગમત, પૌષ્ટિક આહાર વિગેરે ની જવાબદારી છે અને તે અંગે અરજદારને ખર્ચ વેઠવો પડતો હોય તે સ્વાભાવિક છે ત્યારે પણ સામાવાળાની ઉલટ તપાસની સ્વીકાર્ય હકીકતો ધ્યાને લેતા અરજદાર નં.૧ ને આ કલમ હેઠળ નાંણાકીય સહાય પેટે માસીક રૂ.૩૦૦૦/– તથા સગીર દીકરી અરજદાર નં.ર મિષ્ટિબેન માટે માસિક રુા. ૨૦૦૦/– ભરણ પોષણ પેટે સામાવાળાએ અરજદારોને ચુકવી આપવાનો હુકમ કરવામા આવે તો ન્યાયોચીત ગણાશે.

(૪) **કલમ–૨૨ હેઠળ વળતરનો હુકમ :** આ કલમ હેઠળ અન્ય સામાવાળા એ આચરેલ ઘરેલુ હિંસાના કારણે અરજદારને માનસિક ત્રાસ કે ભાવનાત્મક સંતાપ સહિત થયેલી ઈજાઓ માટે વળતર તથા નુકશાની ચુકવવાનો આદેશ થઈ શકે છે. અરજદારે પોતાની અરજીમાં સામાવાળા પાસેથી આ કલમ હેઠળ સ્પેશીફીક કોઈ રકમ જણાવી વળતર ની માંગણી કરેલ નથી પરંતુ રેકર્ડ ઉપરની હકીકત જોતા અરજદારે સામાવાળાના ત્રાસ અંગે પાવાગઢ પોલીસ સ્ટેશનમા

ફરીયાદ આપેલી હોવાનુ જણાવી તેની નકલ લીસ્ટથી રજુ કરેલ છે. સામાવાળાએ પણ તે હકીકતનો ઉલટ તપાસથી સ્વીકાર કરેલ છે ત્યારે અરજદાર સાથે આ કામના સામાવાળાએ ધ્વારા ઘરેલુ હિંસા આચરવામાં આવેલ હોવાનું અત્રેની કોર્ટ ધ્વારા માનેલ છે ત્યારે અરજદારને માનસીક પરીતાપ તથા ભાવનાત્મ સંતાપ વિગેરેની પરીસ્થીતી ધ્યાને લેતા આ કલમ હેઠળ અરજદરને રૂ. ૨૦,૦૦૦/– વળતર પેટે અપાવવાનું ન્યાયોચીત જણાય છે.

૯. આમ, અરજદારની અરજી તથા રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા મુદા નં.૧ નો જવાબ ''હકાર''માં તથા મુદા નં.ર નો જવાબ '' અશંત: હકાર''માં આપી મુદા નં.૩ માટે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–: હુ ક મ :–**

**૧.** અરજદારે ઘરેલુ હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો, ૨૦૦૫ ની કલમ–૧૨ મુજબ કરેલ હાલની અરજી અંશત : મંજુર કરવામાં આવે છે.

**૨.** સામાવાળાઓ સામે આ કાયદાની કલમ–૧૮ અન્વયે નીચે મુજબ ના પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

એ. અરજદાર સાથે ઘરેલું હિંસાખોરીનું કોઈ પણ કૃત્ય કરવું નહીં.

બી. અરજદાર સાથે ઘરેલું હિંસાખોરીનું કૃત્ય કરવામાં કોઈને કે એકબીજાને મદદ કરવી નહીં કે દુષ્પ્રેરણ કરવું નહીં.

સી. અરજદારને દબાણ કરવાના સ્વરૂપે કે ધમકાવા ના સ્વરૂપમાં વાતચીત કરવાનો પ્રયાસ કરવો નહીં. જેમાં વ્યકિતગત, મૌખીક, અથવા લેખીત અથવા ઈલકેટ્રોનીક અથવા ટેલીફોનીક સંપર્ક નો સમાવેશ થાય છે.

ડી. અરજદારને ઘરેલું હિંસાખોરીમાંથી બહાર લાવવા જે કોઈ મદદ કરનાર વ્યકિત અથવા અન્ય સગાઓ અથવા આશ્રિતોને હિંસા પહોંચાડવી નહીં.

**૩.** આ કામે સામાવાળા એ કલમ ૧૯ અન્વયે અરજદારને અરજીના હુકમની તારીખથી રહેઠાણના મકાનના ભાડા પેટે માસીક રૂ.૧૫૦૦/– ચડયે ચડયા નીયમીત રીતે ચુકવી આપવાનો હુકમ કરવામા આવે છે.

**૪.** આ કામે સામાવાળા નં.૧ નાએ અરજીની દાખલ તારીખથી અરજદારોને કલમ ૨૦ હેઠળ નાંણાકીય સહાય પેટે અરજદાર નં .૧ ને માસિક રુા. ૩૦૦૦/– તથા સગીર અરજદાર નં.૨ ને માસિક રુા. ૨૦૦૦/– એમ મળી કુલ્લે માસિક રુા. ૫૦૦૦/– જો અરજદારને ફેમીલી કોર્ટ ધ્વારા અગર ઈતર કોર્ટ ધ્વારા કોઈ ભરણ પોષણ ની રકમ ચુકવી આપવાનો હુકમ કરવામા આવેલો હોય તો હાલના કામે થયેલ હુકમ મુજબ ની ભરણપોષણ ની રકમ તેવા હુકમ મુજબ ની રકમમાંથી મજરે આપવા ની શરતે ચુકવી આપવાનો હુકમ કરવામા આવે છે.

**૫.** સદરહુ હુકમની નકલ કલમ–૨૦(૪) અન્વયે અરજીના પક્ષકારોને તથા પ્રતિવાદીઓ જે સ્થાનિક હકુમત હેઠળ રહેતા હોય તેવા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધીકારી ને મોકલી આપવી.

**૬.** કલમ–૨૨ મુજબ આ કામના સામાવાળાએ અરજદારને થયેલ માનસીક ત્રાસ તથા ભાવનાત્મક સંતાપના વળતર પેટે રૂા. ૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પૂરા) ચુકવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૭. આ કામે અરજીના પક્ષકારોને આ કાયદાની કલમ–૨૪ મુજબ આ હુકમની નકલ વિનામુલ્યે પૂરી પાડવી.

૮. આ અરજીનાં ખર્ચ પેટે સામાવાળાએ અરજદારને રૂપીયા ૧૦૦૦/– અલગથી ચુકવી આપવાનો હુકમકરવામા આવે છે.

આ હુકમ આજ રોજ મારી સહી તથા આ અદાલતનો સિકકો કરીને ખુલ્લી કૅાર્ટમાં વાંચી– સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૮/૦૭/૨૦૨૬
ઘોઘંબા.

(એચ.એસ.લાંગા)
એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ઘોઘંબા.
કોડ નં. જીજે–૦૧૦૦૦

એન.એમ.વાળંદ